આકરૂન્દ હાઈસ્કુલમાં નિયુક્ત શિક્ષણ સહાયકોને સન્માન સાથે આવકાર

શિક્ષણ વિભાગ દ્વારા સીધી ભરતી : નિયુક્ત થયેલા કર્મચારીઓમાં ખુશાલી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

શિક્ષણ વિભાગ દ્વારા જિલ્લાની અનુદાન મેળવતી ગ્રાન્ટેડ શાળાઓમાં ખાલી જગ્યા હતી ત્યાં શિક્ષણ સહાયકોની નિયુક્તિ પછી તેમને શાળા પસંદગીના ઓર્ડર આપવામાં આવ્યા છે. ધનસુરા તાલુકાની આકરૂન્દ હાઈસ્કુલના માધ્યમિક વિભાગમાં નિયુક્ત થયેલ શિક્ષણ સહાયક રવિભાઈ પટેલ અને જ્યોતિબેન મરચન્ટનો આવકાર સન્માન કાર્યક્રમ કેળવણી મંડળ પ્રમુખ પ્રવિણ એમ. પટેલ, મંત્રી હસમુખભાઈ પટેલ વગેરેની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. શિક્ષણ સહાયક તરીકે નિયુક્ત થયેલ કર્મચારીઓને આકરૂન્દ હાઈસ્કુલના યશસ્વી ૬૬ વર્ષની કામગીરીથી માહિતગાર કરવામાં આવ્યા હતા તેમજ તેમનું કુમ કુમ તિલક અને મોં મીઠું કરાવી સન્માન કરાતાં નિયુક્ત થયેલા કર્મચારીઓમાં ખુશાલી જોવા મળી છે.

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા અનુદાન મેળવતી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં પ્રવાસી શિક્ષકોના કારણે શિક્ષણને માઠી અસર પહોંચતી હતી જેથી ટાટ પાસ ઉમેદવારોની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં ભરતી પ્રક્રીયા શરૂ કરવામાં આવી હતી. કોરોનાના કપરા કાળમાં ભરતી પ્રક્રીયા વિલંબમાં પડ્યા પછી મેરીટના આધારે ઉમેદવારોની જિલ્લા પસંદગી અને ત્યાર પછી શાળા પસંદગી પૂરી થતાં જે તે કેળવણી મંડળના સંમતિપત્ર મેળવ્યા પછી જિલ્લાની શાળાઓમાં નિયુક્તિ માટેના ગત રોજ ઓર્ડર આપવામાં આવ્યા હતા જે મુજબ આકરૂન્દ હાઈસ્કુલના માધ્યમિક વિભાગમાં પસંદ થયેલ વિજ્ઞાન અને સામાજીક વિજ્ઞાન વિષયના શિક્ષણ સહાયકો શાળામાં હાજર થયા હતા ત્યારબાદ કેળવણી મંડળ દ્વારા સીધી ભરતીથી નિયુક્ત થયેલા બંન્ને શિક્ષણ સહાયકોનું સન્માન કરવાની સાથે ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે સજ્જ શૈક્ષણિક સંકુલની અન્ય પ્રવૃત્તિઓથી પણ વાકેફ કરવામાં આવ્યા હતા. જેમાં આકરૂન્દ કેળવણી મંડળના ઉપપ્રમુખ નરસિંહદાસ પટેલ, પૂર્વ મંત્રી રમણભાઈ પટેલ, કારોબારી સભ્ય ભરતભાઈ પટેલ, વિનોદભાઈ પટેલ, શાળાના આચાર્ય જે.ડી.ભાટી, શિક્ષણ કો.ઓર્ડીનેટર પંકજભાઈ કટારા, પ્રા.વિભાગના આચાર્ય ગીતાબેન પટેલ, શિક્ષણ કો.ઓર્ડીનેટર તુષારભાઈ પટેલ સહિત સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. નવનિયુક્ત શિક્ષણ સહાયકોને શાળાના સ્ટાફ સાથે વિશેષ પરીચય સંવાદ પણ યોજવામાં આવ્યો હતો.

ધોલવાણીના જંગલમાં વન રક્ષક ઉપર ટોળાનો હુમલો

લાકડી, પાઈપથી હલ્લાબોલ, ઝપાઝપીમાં વન રક્ષકની વર્દી ફાડી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

વિજયનગરના જંગલ વિસ્તારમાં હદ મુદ્દે સ્થાનિક પ્રજા અને વન કર્મચારીઓ વચ્ચે કાયમી ઘર્ષણનો માહોલ ઉભો થયો હોય તેમ શુક્રવારે તાલુકાના ધોલવાણી વિસ્તારના જંગલમાં રવજીભાઈ વેલજીભાઈ પાંડોર અને અન્ય ઈસમો તેમના હક્ક દાવા સિવાયની જંગલ જમીનમાં ઉભા ઝાડ કાપી નાખી ટ્રેક્ટરથી ખેડાણ કરતા હોવાથી વન રક્ષકો દ્વારા તેમને અટકાવવામાં આવતાં ઉશ્કેરાયેલા ઈસમોએ લાકડી અને પાઈપથી વન રક્ષકો ઉપર હુમલો કરતાં સનસનાટી મચી હતી. ઉશ્કેરાયેલા ઈસમોએ વન રક્ષક શૈલેષ અજમલભાઈ ધરીની ફેંટ પકડી વર્દીનો સોલ્ડર તોડી નાખી જાનથી મારી નાખવાની ધમકી આપતાં પોલીસ ફરિયાદ થઈ છે. બનાવ અંગે વિજયનગર પોલીસે કુલ-૭ આરોપીઓ સામે સરકારી કામમાં રૂકાવટનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

આરોપી...

રવજીભાઈ વેલજીભાઈ પાંડોર
વિશાલ રવજીભાઈ પાંડોર
ભાવેશ અમૃતભાઈ ભગોરા
દર્શન ધર્માભાઈ ભગોરા
અશોક બેચરભાઈ અસોડા
પોપટ નવલભાઈ અસોડા
અલ્પેશ બાબુભાઈ પાંડોર
(તમામ રહે.ધોલવાણી, તા.વિજયનગર)

ચોમાસુ શરૂ થતાં આદિવાસી વિસ્તારમાં જમીન મુદ્દે લોહીયાળ ધિંગાણાં શરૂ થયાં છે. તેમાંય વિજયનગર તાલુકામાં જંગલ અને ખેડૂતોના હક્કની જમીન મુદ્દેના વિવાદોનો સુખદ અંત આવ્યો નથી જેથી ખેડૂતો તેમજ વન વિભાગ વચ્ચે ભડકા જેવી સ્થિતિ ગમે ત્યારે બહાર આવતી હોય છે. તા.૬ ના રોજ ધોલવાણી ગામના જંગલ સર્વે નં.૪ માં વર્ષ ૨૦૦૬ના હક્ક દાવા સિવાયની જમીનમાં પ્રવેશી કેટલાક ઈસમોએ ઉભાં ઝાડ કાપીને સળગાવી દીધાં હતાં. ઝાડ કાપવા સાથે ટ્રેક્ટરથી ખેડાણ શરૂ કરવામાં આવતાં ધોલવાણી ફોરેસ્ટ રેન્જના વન રક્ષક શૈલેષ ધરી અને અન્ય વન રક્ષકો સ્થળ ઉપર પહોંચ્યા હતા. ખેડાણની કામગીરી અટકાવવામાં આવતાં સ્થાનિક ઈસમો ઉશ્કેરાઈ ગયા હતા અને વન રક્ષકની ફેંટ પકડી મારામારી પર ઉતરી આવ્યા હતા. વન રક્ષક અને ખેડૂતો વચ્ચે મામલો ઉગ્ર બનતાં સ્થાનિક અન્ય ઈસમોનું ટોળું એકાએક ત્યાં ધસી આવ્યું હતું અને સરકારી કર્મચારીઓ ઉપર લાકડીઓ-પાઈપથી હુમલો કરતાં વાતાવરણ તંગ બની ગયું હતું. બનાવ અંગે વિજયનગર પોલીસે વન રક્ષકની ફરિયાદના આધારે આરોપીઓ સામે ગુનો નોંધી ધરપકડ કરવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

ઉત્તર ગુજરાતના સરહદી પર્યટક સ્થળ માઉન્ટ આબુમાં પ્રવાસીઓ સાથે ઉઘાડી લૂંટ

હોટલ ભાડામાં ધરખમ વધારો, પર્યટક સ્થળ પ્રવાસીઓથી ઉભરાયું



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

ઉત્તર ગુજરાતની સરહદને અડીને આવેલા રાજસ્થાનના પ્રસિદ્ધ હિલસ્ટેશન માઉન્ટ આબુમાં ચોમાસાની સીઝનમાં પ્રવાસીઓનો ધસારો વધ્યો તેની સાથે જ પ્રવાસીઓ સાથે ઉઘાડી લૂંટ શરૂ થઈ છે. છેલ્લા ૧૦ દિવસથી વાદળોથી ઢંકાયેલા અને ઝરમરીયા વરસાદથી ભીંજાતા માઉન્ટ આબુમાં નયનરમ્ય નજારો ઉભો થતાં સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા અને બનાસકાંઠા જિલ્લાના અસંખ્ય પ્રવાસીઓ હિલસ્ટેશને પહોંચ્યા તો ખરા પરંતુ હોટલ ભાડામાં ધરખમ વધારો કરવામાં આવતાં પ્રવાસીઓ લૂંટાતા હોય તેવું અનુભવી રહ્યા છઠ્ઠે. જ્યારે પ્રવાસીઓના ધસારાથી વાહન પાર્કીંગનો ચાર્જ વસુલી લાખોની કમાણી કરતા નગરપાલિકા દ્વારા પોલોગ્રાઉન્ડ વિસ્તારમાં પાર્કીંગની વ્યવસ્થા બંધ કરવામાં આવતાં પ્રવાસીઓ મુશ્કેલીમાં મૂકાયા છે.

હિલસ્ટેશન માઉન્ટ આબુમાં હજારોની સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી પડ્યા છે. પાછલા દોઢ વર્ષથી મંદીમાં સપડાયેલા હોટલ અને રેસ્ટોરન્ટના સંચાલકોએ તકનો લાભ ઉઠાવ્યો હોય તેમ રૂમના ભાડા સહિત અન્ય ચીજવસ્તુઓમાં ધરખમ વધારો કરી દીધો છે. ઉત્તર ગુજરાતમાંથી અસંખ્ય લોકો પ્રવાસની મજા માણવા માટે માઉન્ટ આબુ પહોંચ્યા તો ખરા પરંતુ હોટલ સહિતની ચીજવસ્તુઓમાં વસુલવામાં આવતા ધરખમ વધારાથી સમસમી ઉઠ્યા છે. હાલમાં ચોમાસાની સીઝનમાં માઉન્ટ આબુનું પ્રાકૃતિક સૌંદર્ય પૂરબહારમાં ખીલ્યું છે જેથી અનોખો નજારો જોવા માટે દૂર દુરથી પ્રવાસીઓ માઉન્ટ આબુ પહોંચી રહ્યા છે. ખાસ કરીને ગુજરાતી પ્રવાસીઓનો ધસારો વધુ જોવા મળી રહ્યો છે. જેમાં પોલોગ્રાઉન્ડ વિસ્તારમાં પાર્કીંગ બંધ થવાથી ઉત્તર ગુજરાતના પ્રવાસીઓને નખીલેક તળાવ પાસે વાહનો થોભાવવાની ફરજ પડી પરંતુ ઓછી જગ્યાના કારણે રસ્તાની સાઈડમાં વાહન પાર્ક કરનારા અનેક પ્રવાસીઓ દંડાયા હોવાની વિગતો સામે આવી છે. છેલ્લા ૧૦ દિવસથી ઉત્તર ગુજરાતના સરહદ નજીકના ખ્યાતિ પ્રાપ્ત હિલસ્ટેશન માઉન્ટઆબુમાં પ્રવાસીઓનો ધસમસતો વધારો શરૂ થતાંની સાથે જ હોટલ-રેસ્ટોરન્ટવાળા મરજી મુજબ ભાડાં વસુલતા હોવાની ફરિયાદ ઉઠી છે.

બાવાના મઠ ગામેથી એલસીબીની ટીમે વાહન ચોર દબોચ્યો

ઘર આગળથી ચોરીનાં ૪ બાઈક જપ્ત, વાહન ચોરીના અનેક ભેદ ઉકેલાશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

અરવલ્લી જિલ્લામાં વાહન ચોરીના બનાવોમાં સતત વધારો થઈ રહ્યો છે ત્યારે જિલ્લા એલ.સી.બી.ની ટીમે ધનસુરા તાલુકાના બાવાનામઠ ગામે ઓચિંતો છાપો મારી ઉમેશગીરી ઉર્ફે કત્યો રાજેશગીરી ગોસ્વામી તેમજ કાયદાના સંઘર્ષમાં આવેલા અન્ય એક કિશોરની વાહન ચોરી સંદર્ભે અટકાયત કરી છે. એલ.સી.બી.ની ટીમે ગોસ્વામી યુવકના ઘર આગળથી ચોરીના ૪ બાઈક જપ્ત કરી રૂ.૩,૪૦,૦૦૦નો મુદ્દામાલ કબજે લીધો છે. ગ્રામ્ય વિસ્તારમાંથી વાહન ચોર ઝડપાતાં અન્ય જિલ્લાઓમાં થયેલ વાહન ચોરીના અનેક ભેદ ઉકેલાવવાની સંભાવના છે. વાહન ચોરીના બનાવોએ પોલીસને ઉંધા માથે કરી છે. વાહન ચોરીનો બનાવ સમયે પોલીસ ગુનો નોંધવામાં ગલ્લાં તલ્લાં કરતી હોવા છતાં ચોરાયેલાં વાહનોનો પત્તો ન મળવાથી આખરે અલગ અલગ પોલીસ સ્ટેશનોમાં રોજ વાહન ચોરીના ગુના દર્જ થઈ રહ્યા છે. છેલ્લા કેટલાક સમયથી પોલીસના નાકે દમ આવી જતાં આખરે અરવલ્લી એલ.સી.બી.ની ટીમે વાહન ચોરીનો ભેદ ઉકેલવા માટે તપાસ શરૂ કરી છે જેમાં જિલ્લા એલ.સી.બી. પી.આઈ., સી.પી.વાઘેલા અને તેમની ટીમે બાતમીના આધારે ધનસુરા તાલુકાના બાવાનામઠ ગામે વાહન ચોરીનો ભેદ ઉકેલવા માટે ઓચિંતો છાપો માર્યો હતો જેમાં ઉમેશગીરી ગોસ્વામીના ઘર આગળથી ૪ બાઈક મળી આવતાં પોલીસ દ્વારા તેની અટકાયત કરી પૂછપરછ કરવામાં આવી હતી. એલ.સી.બી.ની ટીમને તપાસ દરમ્યાન કોઈ સંતોષકારક જવાબ મળ્યો ન હોવાની સાથે વાહન ચોરીમાં અન્ય એક કિશોરનું નામ સામે આવતાં પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. બાવાનામઠ ગામેથી પોલીસે દબોચી લીધેલા વાહન ચોર સામે ધનસુરા, માલપુર, અમદાવાદ તેમજ રખિયાલ સહિતના પોલીસ સ્ટેશનોમાં વાહન ચોરીના ગુના નોંધાયાનું બહાર આવ્યું છે.

ખેડૂતોને દિવસે વીજળી આપવાની વાતો વચ્ચે જેટકોમાં ખોટકો..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

રાજ્ય સરકાર ખેડૂતોને દિવસે વીજળી આપવાની વાતો દોહરાવી રહી છે ત્યારે ગત રોજ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ૬૬ કે.વી.(જેટકો) સબસ્ટેશનમાં લોડ સેટીંગના નામે વિજ પુરવઠો ખોરવાઈ જતાં ખેડૂતો સમસમી ઉઠ્યા હતા. કૃષિ વિજ પુરવઠો સમી સાંજથી ૫ કલાક સુધી ખોરવાયેલો રહેતાં ખેડૂતોને ઘરે આવી ગયા પછી ફરીથી સિંચાઈનાં પાણી આપવા માટે ખેતરોમાં દોડવાની ફરજ પડી હતી. ૭ પગલા ખેડૂતના યોજના અંતર્ગત એક તરફ સંપૂર્ણ વીજળી અપાતી હોવાની સરકારી કાર્યક્રમોમાં નેતાઓ જાહેરાત કરી રહ્યા છે ત્યાં જેટકો દ્વારા પૂરો પાડવામાં આવતા સબસ્ટેશનોમાં લોડ સેટીંગનો ખોટકો સર્જાતાં આ મુદ્દો ખેડૂતોમાં ચર્ચાનો વિષય બન્યો છે.

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વિજલોડ સેટીંગમાં કૃષિ વિજપુરવઠો ખોરવાયો : ૬૬ કે.વી. સબસ્ટેશનમાં ૫ કલાકથી વધુ વીજળી ગાયબ

જિલ્લામાં સેવાસેતૂ કાર્યક્રમ સહિત અન્ય સરકારી કાર્યક્રમોની ભરમાર શરૂ થઈ છે. અધિકારીઓ અને સરકારના અન્ય વિભાગો સરકારના કાર્યક્રમોને સફળ બનાવવા માટે એડી ટોચનું જોર લગાવી રહ્યા છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ખેડૂતોને પૂરતો કૃષિ વિજ પુરવઠો મળતો ન હોવાની કાયમી ફરિયાદો સાંભળવા મળતી હોય છે. જ્યારે સરકારી કાર્યક્રમોમાં હમણાંથી ખેડૂતોને દિવસ વિજ પુરવઠો આપવાની વાત ઉપર વધુ ભાર મૂકવામાં આવી રહ્યો છે ત્યાં જેટકો દ્વારા પૂરો પાડવામાં આવતા વિજ પુરવઠામાં લોડ વધી જતાં ખેતરોમાં વીજળીના ધાંધિયા શરૂ થયા છે. વિભાગ દ્વારા લોડ સેટીંગ કરવા માટે સબસ્ટેશનોમાં ટીમો દોડાવવામાં આવતી હોવા છતાં કલાકોના કલાકો સુધી કૃષિ વિજ પુરવઠો ખોરવાઈ જતો હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી છે. ગત રોજ સાંજના ૪-૦૦ કલાક પછી બંન્ને જિલ્લાના ૬૬ કે.વી. સબસ્ટેશનોમાં લોડ સેટીંગના બહાને ચાલતી કામગીરીમાં વિજ પુરવઠો ખોરવાયેલો રહેતાં ખેતરોમાં હમણાં વીજળી આવશે તેની રાહ જોઈને થાકેલા ખેડૂતો તંત્ર સામે રોષે ભરાયા છે.

ભિલોડામાં ફુડ રજીસ્ટ્રેશન કેમ્પ યોજાયો

ખાણીપીણીના ૧૨૫ સંચાલકોનું સ્થળ ઉપર રજીસ્ટ્રેશન



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

ભિલોડામાં ફુડ વિભાગ દ્વારા તાજેતરમાં ફુડ સેફ્ટીને ધ્યાનમાં રાખી ફૂડ રજીસ્ટ્રેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા ડેઝીગનેટેડ ઓફીસર બી.એમ.ગણાવાની ઉપસ્થિતિમાં ૧૨૫ જેટલા ખાણી-પીણીના સંચાલકોએ અરજી મંજૂર કરી સ્થળ ઉપર ફુડ રજીસ્ટ્રેશન સર્ટી આપવામાં આવ્યાં હતાં. ફુડ વિભાગના અધિકારીઓ દ્વારા રજીસ્ટ્રેશન કરાવનાર તમામ સંચાલકોને ફુડ સેફ્ટીના નિયમોનું પાલન કરવા માટે તાકીદ કરાઈ છે.

જિલ્લામાં અખાદ્ય ચીજવસ્તુનું વેચાણ કરી પ્રજાના આરોગ્ય સાથે કેટલાક ખાણીપીણીના લારીવાળાઓ ચેડાં કરી રહ્યા છે. તાલુકા મથકો ઉપર હમણાંથી ખાણીપીણીની લારીઓનો રાફડો ફાટતાં ફુડ રજીસ્ટ્રેશન અનિવાર્ય બન્યું છે. તાજેતરમાં જિલ્લા ફુડ વિભાગ દ્વારા રજીસ્ટ્રેશન વગર ખાદ્ય ચીજવસ્તુઓનું વેચાણ કરાવનારાઓને તાકીદે રજીસ્ટ્રેશન કરવા માટે સૂચના આપી ભિલોડામાં કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ફુડ વિભાગે ૧૨૫ જેટલી અરજીઓને મંજૂર કરી ખાદ્ય ચીજવસ્તુઓનું વેચાણ કરનારાઓને ફુડ રજીસ્ટ્રેશન સર્ટી આપ્યાં હતાં.

અરવલ્લી જિલ્લામાં આજે દિવાસાના પર્વ સાથે દશામા વ્રતનો પ્રારંભ

આવતી કાલથી શ્રાવણ માસની શરૂઆતથી ભક્તિમય માહોલ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

કોરોનાના કપરા કાળમાં માનસિક રીતે અસ્વસ્થ પ્રજા માટે ધાર્મિક દ્રષ્ટીએ સક્ષમ થવા માટે આજે દિવાસાના પર્વ સાથે દશામાના વ્રતનો આસ્થાપૂર્વક પ્રારંભ થશે. જ્યારે આવતી કાલ સોમવારથી પવિત્ર શ્રાવણ માસની શરૂઆત થવા જઈ રહી છે જેથી આખો મહિનો બંન્ને જિલ્લામાં ધાર્મિક કાર્યક્રમોથી ભક્તિમય માહોલ ઉભો થશે. જિલ્લામાં દશામાના વ્રતની પૂર્વ સંધ્યાએ મૂર્તિ તેમજ પૂજાપાની ખરીદીમાં આ વર્ષે ઓટ આવી છે છતાં વ્રત પ્રત્યે શ્રદ્ધાળુઓને સંપૂર્ણ શ્રદ્ધા હોવાથી ૧૦ દિવસ સુધી ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં દશામાના વ્રતનો જયજયકાર સંભળાશે. જ્યારે સોમવારથી શિવાલયોમાં શ્રાવણ માસ નિમિત્તે ઓમ નમઃ શિવાયનો પંચાક્ષરી મંત્ર ગુંજતો થશે.

વર્ષ દરમ્યાન આવતા તહેવારો માનવીને માનસિક શાંતિ પમાડતા હોય છે. આધ્યાત્મિક દ્રષ્ટીએ પણ વ્રત અને ઉત્સવોનું આગવું મહત્વ રહેલું હોવાથી પ્રજા ગમે તેવી મુશ્કેલીઓમાં પણ વ્રતની ઉજવણી અચૂક કરતી હોય છે. જિલ્લામાં છેલ્લા ઘણા વર્ષોથી દશામાના વ્રતનો પ્રભાવ વધ્યો છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારની મહિલાઓ ૧૦ દિવસ સુધી ઉપવાસ કરી સવાર-સાંજ દશામાની મૂર્તિ તેમજ સાંઢણીનું પૂંજન કરી વાર્તા સાંભળતી હોય છે. પરિવારની દશા સુધારવા માટે આ વ્રત કરવામાં આવતું હોય છે. આ વર્ષે કોરોનાએ તમામ રીતે પ્રજાને હતપ્રત કરી મૂકી છે જેથી દશામાના વ્રતમાં શ્રદ્ધા બેવડાઈ છે. આજે દશામાના જય જયકાર સાથે મોટાભાગના પરિવારોમાં દશામાની મૂર્તિનું સ્થાપન કરી વ્રતની શરૂઆત થવાની છે આ સાથે દિવાસાના પર્વનું પણ મહત્વ હોવાથી ગ્રામ્ય વિસ્તારોમાં દિવાસો ઉજવાશે. જ્યારે આવતી કાલ સોમવારથી ભગવાન ભોળાનાથને પ્રસન્ન કરવાનો પવિત્ર મહિનો શ્રાવણ શરૂ થઈ રહ્યો છે જેથી મોટાભાગના શિવાલયો શિવ ઉપાસના માટે અગાઉથી સજ્જ થતાં જિલ્લામાં આખો મહિનો ભક્તિસભર માહોલ ઉભો થઈ શકે છે.